# રેડિયન્ટ સ્કૂલમાં જન્માષ્ટમી ઉજવાઈ



સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના પૂર્વ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ભૂલકાઓ રાધા અને કૃષ્ણની વેશભૂષામાં સજ્જ જોવા મળ્યાં હતાં. તેમણે મટકીફોડ કાર્યક્રમ પણ યોજ્યો હતો અને મટકીમાંથી નીકળેલી ચૉકલેટ ખાવાનો આનંદ પણ માણ્યો હતો. રાસ-ગરબાની રમઝટ સાથે આ ઉજવણીની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

સંસ્થાના મૅનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કૅમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ વિદ્યાર્થીઓ, શિક્ષકોને આ આનંદી ઉજવણી બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



સ્કુલ ઓફ એચીવર, ચિલોડા ખાતે આજે જન્માષ્ટમી નિમિતે ખુબ જ આનંદ અને ઉમંગથી શાળાના બાળકોએ આ કાર્યક્રમ માં ભાગ લીધો. ''રાધા કૃષ્ણ નો મિલન''નો પ્રસંગ ઉપર નાના બાળકો એ બહુ જ સરસ રીતે નૃત્ય કરી ખુજ જ સુંદર રીતે રજૂઆત કરી હતી. અને '' મટકી ફોડ '' કાર્યક્રમ પણ ખુજ જ સુંદર અને આનંદ ઉલ્લાસથી ભાગ લીધો. આ કાર્યક્રમ જોઈને શાળાના બાળકો અને પ્રિન્સીપાલ અને તમામ શિક્ષણગણે ભાગ લેનાર અને આ રીતે સુદર રજૂઆત કરવા બદલ તમામ બાળકોનો આભાર માન્યો હતો.



ગાંધીનગર, તા. ૨૩

સૅક્ટર-૫ એ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલય ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. નાનાં ભૂલકાઓએ રાધા-કૃષ્ણની વેશભૂષા ધરીને મટકીફોડનો યાદગાર ઉપક્રમ યોજ્યો હતો. સ્કૂલ તરફથી માખણ અને ચૉકલેટ પ્રસાદ સ્વરૂપે બાળકોને વહેંચવામાં આવ્યાં હતાં. મૅનેજિંગ ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા આચાર્ય મનીષભાઈ ખત્રી સાથે શિક્ષકો પણ આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન બાલમંદિરનાં શિક્ષક હિનાબેન ત્રિવેદી અને સરસ્વતીબેન બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું.



સૅક્ટર-૬ ખાતે કાર્યરત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલ ખાતે જન્માષ્ટમીની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી. કૃષ્ણજન્મ, મટકીફોડ અને રાસ જેવા કાર્યક્રમો આ ઉજવણી નિમિત્તે યોજવામાં આવ્યા હતા.

# આરાધના વિદ્યાવિહારમાં કૃષ્ણ જન્મોત્સવ



વેદ ગૃપ સંચાલિત આરાધના વિદ્યાવિહાર દ્વારા '૫૬ ભોગ સાથે કૃષ્ણ જન્મોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. નાનાં બાળકોએ મનોહર વેશભૂષામાં સજ્જ થઈ આ ઉજવણીને રંગીન બનાવી હતી. જેમાં શિક્ષકો દ્વારા ૫૬ ભોગ અને હિંડોળાનાં મનોહર આકર્ષણો પણ ઉમેરવામાં આવ્યાં હતાં. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સાથે મળીને શ્રીકૃષ્ણની જીવનલીલા ઉજાગર કરીને જન્માષ્ટમીની ઉજવણીને સાર્થક કરી હતી.

## જન્મદિને વધામણી



શિવાંશ ગૌરવ પોપટ

## રાજ્યની ગ્રાન્ટેડ-સરકારી ૪૦ હજાર શાળાઓમાં ૧ સપ્ટેમ્બરથી ઓનલાઇન હાજરી પુરાશે

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યની ૪૦ હજાર જેટલી સરકારી શાળાઓ ને ઓનલાઈન કરવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. અને આગામી દિવસોમાં રાજ્યની તમામ શાળાઓની વહીવટી કામગીરી ઓનલાઈન કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે અત્યાર સુધી શાળાના એક આચાર્ય નો રોજ નો દોઢ કલાક કલેરીકલ વર્કમા જતો હતો પરંતુ ઓનલાઈન પ્રક્રિયા શરૂ થતાં રોજના ૫૦ હજારથી વધુ માનવ કલાકો બચશે તેવું શિક્ષણ વિભાગના તજજ્ઞોનું માનવું છે. તો બીજી તરફ શાળાઓ ઓનલાઈન થતાંજ આચાર્યોને પણ વધારાના કલેરીકલ કાર્યો માથી મુક્તિ મળશે. પરિણામે શૈક્ષણિક કાર્યોમા વધુ સમય આપી શકશે અને શિક્ષણનું સ્તર ઉંચુ આવશે તેમ મનાઈ રહ્યું છે.

સૂત્રોદ્વારા મળતી માહિતીમુજબ કે રાજ્ય સરકાર દ્વારા સરકારી ૪૦,હજાર શાળાઓ ઉપરાંત આશ્રમ શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ, અને સરકારી તમામ શાળાઓનો પણ સમાવેશ કરવામાં આવશે જેની વિધિવત જાહેરાત આગામી ૫ સપ્ટેમ્બર અથવા તેની આસપાસ થવાની શક્યતાઓ સેવાઈ રહી છે. જો કે રાજ્ય સરકાર શિક્ષકોની ગેરહાજરીની ફરિયાદો નું નિવારણ કરવા ઓનલાઈન હાજરી નો સફળ પ્રોજેકટ અપનાવ્યા બાદ હવે રાજ્યનો શિક્ષણ વિભાગ સરકારી શાળાના તમામ કામકાજ ઓનલાઈન કરવાની દિશામાં આગળ વધશે. મનાઈ રહ્યું છે કે વર્તમાન સ્થિતિએ જોઈએ તો સરકારી શાળાના મુખ્ય શિક્ષકને વહીવટી ચોપડા ચિતરવાનુ કામ જ એટલુ રહેતુ હતું કે તેમની જેના માટે નિમણુંક થઈ છે તેવા શિક્ષણ પાછળ જ તે સમય નહોતા આપી શકતા. પરંતુ સરકાર દ્વારા સમગ્ર સિસ્ટમ ઓનલાઈન કરવાની નેમ થી હવે વેડફાતો સમય અને તેના કલાકોનો બચાવ થશે.

### શંકરસિંહ વાઘેલા બાપુ ટૅકનોલોજી ઈન્સ્ટીટ્યુટ ખાતે

# ફૅકલ્ટી ડેવલપમૅન્ટ પ્રોગ્રામ



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર-માણસા હાઈવે પર સ્થિત બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી દ્વારા ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન, ગાંધીનગરના સહયોગથી એક દિવસીય ફૅકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સીઈડીના પ્રતિનિધિ સૂર્યકાન્ત પટેલે બે સૅશનમાં યોજ્યો હતો અને ફૅકલ્ટીને સ્વમૂલ્યાંકન કરાવી તેમને તેમની ખૂબીઓનું જ્ઞાન કરાવ્યું હતું. તેમણે સૅલ્ફ મોટીવેશન એન્ડ સેલ્ફ ઈમ્પ્રુવીંગ એનાલિસીસ, કમ્યુનિકેશન એન્ડ પ્રોબ્લેમ સોલ્વિંગ જેવા વિષયો પર ખૂબ જ ઊંડાણપૂર્વક ચર્ચા કરી દરેક ફૅકલ્ટી મૅમ્બરને વધુ કાર્ય કરવાની પ્રેરણા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કેમ્પસ ડિરેક્ટર પ્રો. રવિકુમાર અને આચાર્ય ડૉ. કિંજલ અધ્વર્યુ દ્વારા કરવામાં આવ્યું હતું. કમ્પ્યુટર, આઈટીના સ્ટાફ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

### ગણપત યુનિવર્સિટી સંલગ્ન

# ફાર્મસી કૉલેજમાં યોજાયો ઓરિએન્ટેશન કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૩

ગણપત યુનિવર્સિટીની ફાર્મસી કૉલેજ શ્રી એસ કે પટેલ કૉલેજ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ખાતે બીફાર્મ અને એમફાર્મના નવા વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વાલીઓ સામેલ થયા હતા.

નવા વિદ્યાર્થીઓના ફાર્મા-એજ્યુકેશનના આ પ્રારંભોત્સવમાં નિરમા યુનિવર્સિટીની ફાર્મસી કૉલેજના પ્રૉફેસર ડૉ. ભાસ્વત ચક્રબોર્તી, ફેઝ ઓન ક્લિનિક્સ રિસર્ચ, અમદાવાદના ઍડવાઈઝર ડૉ. મિલન સતિયા અને ગણપત યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર અને ફાર્મસી-સાયન્સ ફૅકલ્ટીના ઍક્ઝિક્યુટીવ ડીન ડૉ. પ્રૉ. આર કે પટેલે વિશેષ મહેમાનો તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને અભિપ્રેરણ પૂરું પાડ્યું હતું. ઍમ ઍસ યુનિવર્સિટી બરોડાના પ્રૉ. ડૉ. એ એન મિશ્રાની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટિત થયેલા આ ફૅકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ગુજરાતની વિવિધ કૉલેજના ૪૦ જેટલા પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો, જેમને ૨૫થી વધારે ફાર્મા નિષ્ણાતો દ્વારા નોવેલ ડ્રગ ડિલીવરી સિસ્ટમનાં વિવિધ પાસાઓ અંગે માહિતી પિરસવામાં આવી હતી.





ગાંધીનગર, તા. ૨૩

યુનેસ્કો દ્વારા વિશ્વનું નંબર વન હેરિટેજ શહેર અમદાવાદમાં આર્કિટેકચરલ વિદ્યાર્થીઓ માટે ઘણા બધા સીમાચિહ્ન છે જેમાંનું એક અમદાવાદ ટેક્ષટાઈલ મિલ ઓનર્સ અસોસીએશન છે. વિશ્વ પ્રખ્તાત આર્કિટેક્ટ લે કોર્બ્યુસિઅરે આ બિલ્ડીંગ ડિઝાઈન કરેલી છે. તેઓનું આખા વિશ્વમાંથી સૌથી વધુ મકાનો અમદાવાદમાં જોવા મળે છે. વિદ્યાર્થીઓ આ બિલ્ડીંગના પ્રોજેક્ટની ડિઝાઈન કરી રહ્યા છે. એના ભાગ રૂપે આ મકાનને સમજવા માટે મિલ ઓનર્સ બિલ્ડિંગ સાથે ૨૦ વર્ષોથી સંકળાયેલા અભિનવા શુક્લા જોડે એક સંવાદનું આયોજન સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સંવાદમાં ૧૦૦થી વધુ ડિઝાઈનના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અભિનવાએ પોતાના મંતવ્યમાં મિલ ઓનર્સ બિલ્ડિંગની અનુભૂતિ કરતી બાબતો માટે વિદ્યાર્થીને માહિતગાર કર્યા હતા. વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં પોતાના વિવિધ અભ્યાસનાં કાર્યોનું પ્રદર્શન કર્યું હતું.

# ધમકી અને કેળવણી

॥ ત્રીજો મણકો ॥

તેમણે દિલસોજી બતાવી, પણ દિલ્હીની ઢીલની રાવ ખાધી.

'જો અમારા જ હાથમાં હોત તો અમે ક્યારની એ જકાત કાઢી નાંખી હોત, તમે વડી સરકાર પાસે જાઓ.' આમ સેક્રેટરીએ કહ્યું.

મેં વડી સરકાર સાથે પત્ર વ્યહવાર ચલાવ્યો. પણ પહોંચ ઉપરાંત કશો જવાબ ન મળ્યો. જ્યારે મને લૉર્ડ ચેમ્સફર્ડને મળવાનો પ્રસંગ આવ્યો ત્યારે, એટલે લગભગ બે વર્ષના પત્રવ્યહવાર બાદ, દાદ મળી. લૉર્ડ ચેમ્સફર્ડને વાત કરી ત્યારે તેમણે આશ્ચર્ય બતાવ્યું. તેમને વીરમગામને વિષે કંઈ જ ખબર નહોતી. મારી વાત ધ્યાન પૂર્વક સાંભળી, અને તે જ વખત્રે ટેલિફોન કરી વીરમગામન કાગળિયાં મંગાવ્યાં. જો મારી હકીકતની સામે અમલદારોને કંઈ કહેવાનું નહીં હોય તો જકાત રદ્દ કરવાનું વચન આપ્યું. આ મેળાપ પછી થોડા જ દિવસમાં જકાત રદ્દ થવાની નોટિસ મેં છાપામાં વાંચી.

150 ગાંધીયાત્રા

મેં આ જીતને સ્ત્યાગ્રહના પાયારૂપે માની, કેમ કે વીરમગામ વિષે વાતો દરમ્યાન મુંબઈ સરકારના સેક્રેટરીએ મને મારા તે વિષે બગસરામાં કરેલા ભાષણની નકલ પોતાની પાસે હોવાનું કહ્યું હતું. તેમાં રહેલા સત્યાગ્રહના ઉલ્લેખ વિષે નાખુશી પણ બતાવી હતી. તેમણે પૂછેલું : 'તમે આને ધમકી નથી માનતા? અને આમ શક્તિમાન સરકાર ધમકીને ગાંઠે?'

મેં જવાબ આપ્યો : ' આ ધમકી નથી આ લોકકેળવણી છે. લોકોને લોતાનાં દુઃખ દૂર કરવાના બધા વાસ્તવિક બતાવવાનો મારા જેવાનો ધર્મ છે. જે પ્રજા સ્વતંત્રતા ઈચ્છે તેની પાસે પોતાની રક્ષાના અંતિમ ઈલાજ હોવા જોઈએ. સામાન્ય રીતે આવા ઈલાજો હિંસક હોય છે, સત્યાગ્રહ એ શુદ્ધ અહિંસક શસ્ત્ર છે. તેનો ઉપયોગ ને તેની મર્યાદા બતાવવાનો મારો ધર્મ માનું છું. અંગ્રેજ અરકાર શક્તિમાન છે એ વિષે મને શંકા નથી . પણ સ્ત્યાગ્રહ સર્વોપરી શસ્ત્ર છે એ વિષે પણ મને શંકા નથી.'

શાણા સેક્રેટરી એ પોતાનું માથું ધુણાવ્યું ને બોલ્યાઃ 'આપણે જોઈશું.'



'સત્યના પ્રયોગો'માંથી સાભાર